# સીટી ઓફ બ્રેમ્પટને વર્ષ 2021 માટે મિલકત વેરો ચૂકવણી મોકૂફીને મંજૂરી આપી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (માર્ચ 29, 2021) – બ્રેમ્પટન સીટી કાઉન્સિલે પોતાની માર્ચ 24 ની બેઠકમાં વર્ષ 2021 માટે વૈકલ્પિક મિલકત વેરો ચૂકવણી મોકૂફી કાર્યક્રમ (પ્રોપર્ટી ટેક્સ ડિફરલ પ્રોગ્રામ)ને મંજૂરી આપી, જે COVID-19 મહામારીથી નાણાકીય મુશ્કેલીનો સામનો કરતા રહેવાસીઓ અને ધંધાઓ માટે સહાયરૂપ બનશે.

સહભાગીઓ ડિસેમ્બર 15, 2021 સુધી વર્ષ 2021 માટે મિલકત વેરો ચૂકવવાનું મોકૂફ રાખવા અરજી કરી શકે છે. આ કાર્યક્રમમાં માત્ર અરજી કરીને ભાગ લેવો રહ્યો અને તે માત્ર 2021 વેરો વર્ષ માટે ચૂકવણીમાં લચીલાપણુંની જરૂરિયાત ધરાવતા આવાસીય અને ધંધાકીય મિલકત માલિકોને મદદરૂપ થવાનો છે. મિલકત વેરો ચૂકવણી મોકૂફી કાર્યક્રમનો અર્થ મિલકત વેરો 2021 માટે માફ કરવામાં આવ્યો હોવાનો થતો નથી.

આપણાં શહેરમાં દર વર્ષે બે વેરા બિલો આપવામાં આવે છે, વચગાળાનું વેરો બિલ જાન્યુઆરીમાં અને અંતિમ વેરો બિલ જૂનમાં આપવામાં આવે છે. વચગાળાનું કે અંતિમ 2021 મિલકત વેરો બિલ મોકૂફી માટે, એપ્રિલ 15, 2021 સુધીમાં ઓનલાઇન અરજી કરવી. પોતાનું વચગાળાનું વેરો બિલ મોકૂફ રખાવવા ઇચ્છતા સહભાગીઓનું અંતિમ વેરો બિલ પણ સ્વચાલિત રીતે મોકૂફ રાખવામાં આવશે.

મિલકત વેરો ચૂકવણી મોકૂફી કાર્યક્રમ માટે પાત્રતા ધરાવવા, તમારા મિલકત વેરો ખાતામાં માર્ચ 2020 પહેલાં કોઇ વેરો રકમ બાકી ન હોવી રહી. રહેવાસીઓ અને ધંધાઓએ પણ મિલકત વેરો સીધો સીટી ઓફ બ્રેમ્પટનને ચૂકવવો રહ્યો અને મોર્ગેજ કંપની મારફતે નહીં. અરજી મિલકત માલિકે કરવી રહી. નાણાકીય સંસ્થાઓ મિલકત માલિક વતી વેરો મોકૂફી માટે અરજી કરી શકતી નથી.

મિલકત વેરો મોકૂફી કાર્યક્રમ માટે લાયક ઠરતા અને સીટી ઓફ બ્રેમ્પટનના પ્રિ-ઓથોરાઇઝ્ડ ટેક્સ પેમેન્ટ (PTP) પ્લાનમાં હાલમાં નોંધાયેલા રહેવાસીઓ અને ધંધાઓને, PTP પ્લાનમાંથી કાઢી નાખવામાં આવશે અને તેઓએ 2022 ની વચગાળાની વેરો બિલ સમયસીમા માટે PTP પ્લાનમાં ફરી પ્રવેશવા નવી અરજી રજૂ કરવી પડશે. PTP પ્લાન માટે પુનઃનોંધણી કરાવતા પહેલાં બધાં વેરા ચૂકવવા રહ્યાં.

મિલકત વેરો ચૂકવણી મોકૂફી કાર્યક્રમમાં પ્રવેશવા ઇચ્છતા રહેવાસીઓ અને ધંધાઓ માટે, મિલકત વેરો ચૂકવણીઓ વર્ષ દરમિયાન, કોઇપણ સમયે, અને કોઇપણ સંખ્યામાં કરી શકાય છે. વર્ષ 2021 માટેનો વેરો ડિસેમ્બર 15, 2021 સુધીમાં પૂરેપૂરો ચૂકવવામાં આવે ત્યાં સુધી કોઇ દંડ કે વ્યાજ દરો લાગુ થશે નહીં.

તમારી બેંક, નાણાકીય સંસ્થામાં પ્રક્રિયામાં સમય માટે કૃપા કરી ત્રણથી પાંચ ધંધાકીય દિવસોની છૂટ આપશો, જેથી સીટી ઓફ બ્રેમ્પટનને તમારી વેરો ચૂકવણી સમયસર મળવાની ખાતરી કરી શકાય. દંડ અને વ્યાજ દરો ડિસેમ્બર 15, 2021 પછી મળતી ચૂકવણીઓ માટે લાગુ થશે. વેરાની રકમ પૂરેપૂરી ચૂકવાય નહિ ત્યાં સુધી, વર્ષ 2020, કે પાછલાં વર્ષોની બાકી રકમ પર પણ દંડ અને વ્યાજ દરો લાગુ કરવામાં આવશે.

**અરજી કેવી રીતે કરવી**

એપ્રિલ 15, 2021 સુધીમાં સીટી ઓફ બ્રેમ્પટનની વેબસાઇટ પર ઓનલાઇન અરજી ફોર્મનો ઉપયોગ કરીને અરજી કરો.

જો તમને અરજી ફોર્મની કાગળ આવૃત્તિની જરૂર હોય તો, કૃપા કરી સીટી ઓફ બ્રેમ્પટનની વેરા ઓફિસનો સંપર્ક કરશો. એકવાર ફોર્મ ભરાઇ જાય એટલે, તે સીટીને ફેક્સથી 905-874 2296 નંબર પર અથવા ટપાલથી આ સરનામે મોકલી શકાય છે:

*City of Brampton*
*Finance Department, Revenue Division*
*2 Wellington St. W.*
*Brampton, ON L6Y 4R2*

-30-


**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca